નમો નમો નિમ્મલદંસણસ્સ

# શ્રી પાર્શ્વ - પદ્માવતી મહાપૂજન વિધિ

-: સંકલન અને પ્રસ્તુતકર્તા :-

## મુનિશ્રી દીપરત્નસાગર

-: પ્રકાશક :-
શ્રી સંજયભાઇ પાઇપવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમો નમો નિમ્મલદંસણસ્સ

પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરુભ્યો નમઃ

# શ્રી પાર્શ્વ-પદ્માવતી મહાપૂજન વિધિ

-: સંકલન અને પ્રસ્તુતકર્તા :-

## મુનિશ્રી દીપરત્નસાગર


-: સંપર્ક :-

**જૈનમુનિ દીપરત્નસાગરજી**
"આરાધના ભવન"
મંગલદીપ સોસાયટી,
ધોળેશ્વર પ્લોટ સામેની ગલીમાં,
[redacted] પોસ્ટ-થાનગઢ, જીલ્લો-સુરેન્દ્રનગર [redacted]


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂજન સામગ્રી

| | |
|---|---|
| ૧-જળપૂજા :- | શુદ્ધજળ ડોલ-૧, દૂધ ૧-લીટર, ઘી ચમચી-૧, દહીં-ચમચી-૧, પીસેલી સાકર, ગુલાબજળ બોટલ-૧. મોટા અંગલુંછણા-૫, ભોંયલુંછણા-૨, પંચામૃત માટે કુંડી-૧. |
| ૨-ગંધપૂજા :- | ૫૦૦ ગ્રામ વાસક્ષેપ, અષ્ટગંધ ડબ્બી-૧, બરાસ ૧૦૦ ગ્રામ, રક્તચંદન પાવડર ૫૦ ગ્રામ, અત્તર મોટી બોટલ-૧. |
| ૩-અક્ષતપૂજા :- | સાફ કરેલા અખંડ ચોખા ૨૫૦ ગ્રામ, લવીંગ-૨૫ ગ્રામ, ટોપરાનું છીણ ૨૫૦ ગ્રામ. |
| ૪-પુષ્પપૂજા :- | કમળ અથવા લાલ કરેણ અથવા ગુલાબ-૧૦૮, સુગંધી અન્ય પુષ્પો ૨૫૦ ગ્રામ, ફૂલના હાર નંગ-૨. |
| ૫-નૈવેદ્યપૂજા :- | સાકરના મોટા ગાંગડા-૧૧૫, ઘેવર-૧, લાપસી-૧ વાડકી, પાંચ પ્રકારની જુદી જુદી મીઠાઈ, દરેક મીઠાઈ ૨૫૦ ગ્રામ, ખીર-૧ વાડકી, વાટી દાળના વડાં નંગ-૯. |
| ૬-દીપપૂજા :- | વાટ સહિતના ૧૦૮ કોડીયા અથવા નાના ગ્લાસ, અખંડ દીવા માટેનું ત્રાંબાનું કોડીયું, ગ્લાસવાળું ફાનસ-૧, ઘી કીલો-૨, માચીશ પેટી-૨, (જો ૧૦૮ કોડીયા કે દીવાની વ્યવસ્થા ન થઈ શકે તો એક દીવો અલગ) |
| ૭-ધૂપપૂજા :- | ધૂપધાણા-૨, સારો સુગંધી ધૂપ, અગરબત્તી પડીકું-૧, લાંબી ૩ ફૂટની અગરબત્તી-૫. |
| ૮-ફળપૂજા :- | મોટી આખી બદામ-૧૧૫, શ્રીફળ નંગ-૪, બીજોરૂં-૧, સાત પ્રકારના ફળ દરેકના નંગ પાંચ-પાંચ. |
| ૯-વસ્ત્રપૂજા :- | ચુંદડી-૧. |
| ૧૦. આભુષણ પૂજા:- | આભુષણ-૧૬, (અથવા જે ચઢાવવા હોય તે) |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેરાસરજીનો સામાન :- ત્રીગડું, ચંદરવો, પુંઠીયું, તોરણ, મોટી દીવી, પરનાળીયો બાજોઠ-૧, શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા, શ્રી પદ્માવતી માતાજીની મૂર્તિ, ફાનસ, ગ્લાસ, બોયા, થાળી ડંકો, આરતી, મંગળદીવો, સ્નાત્રપૂજાની સામગ્રી, શ્રી સિદ્ધચક્રજીનો ગટ્ટો.

વાસણ :- મોટા થાળ-૪, થાળી-૧૦, વાડકા-૪, વાડકી-૫, કુંડી-૨, ડોલ-૨, કુંભ-૧, ચમચી-૨, (સ્થાપન કરવો હોય તો અષ્ટમંગલનો ઘડો-૧), કળશ-૪.

અન્ય સામગ્રી :- કંકુ-૧ ચમચો, ઘુંટેલું કેસર, બરાસ વાડકી-૩, કપુર ગોટી-૫, રક્ષાપોટલી, લાલ રેશમી ૧-મીટરના દોરા, આસોપાલવ તોરણ, નાડાછેડી દડો-૧, નેપકીન-૩, લાલ આસન (કટાસણા)-૪, વરખ થોકડી-૫, લાલ વસ્ત્ર પટ્ટ-પાટના માપનો, પાટ-૧, (માઈક વ્યવસ્થા કરવી હોય તો), ૧૦૮ની સંખ્યા ગણવા માટે યોગ્ય સાધન, રૂનું બંડલ-૧, સોનેરી બાદલું ૫ ગ્રામ, સોનેરી વરખ પાનું-૧. પાટલા નંગ-૭, લીલું રેશમી કાપડ ૧ાા મીટર, લાલ રેશમી કાપડ ૦ાા મીટર, નાગરવેલના પાન-૧૧.

**ષોડશાભરણ પૂજા :** ૧. નથડી, ૨. મુદ્રિકા (વીંટી), ૩. દામણી, ૪. કંકણ જોડી-૧, ૫. કેયૂર (બાજુબંધ), ૬. માથાનો મુગટ,. ૭. કાનના કુંડલ જોડી-૧, ૮. મુક્તાહાર-મોતીનો હાર, ૯. કટિમેખલા, ૧૦. નૂપુર (ઝાંઝર) જોડી-૧, ૧૧. રેશમી સાડી તથા કમખો, ૧૨. સિંદુરિયું, ૧૩. કંકુનો પડો, ૧૪. હાથીદાંત કે સુખડની કાંસકી, ૧૫. અત્તરની શીશી, ૧૬. પુષ્પમાળા.

નાણું :- રોકડા રૂપિયા-૫, પાવલી-૫, પાંચના સિક્કા-૫.

માંડલું :- (જો બનાવવું હોય તો) શ્રી પદ્માવતીજીની છબી તથા

(૧) ૧૫ કિલો ચોખા, લાલ-કાળો-પીળો-લીલો કલર ૧-૧ પડીકી

અથવા

(૨) ૭ કિલો ચોખા, ઘઉં-મગ-અડદ-ચણાની દાળ ચારે ૨-૨ કિલો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મારે કંઈક કહેવું છે

શ્રી પદ્માવતી માતાજીનો મહિમા લોકોના ચિત્તમાં વિસ્તરતો જાય છે. પણ પરમકૃપાળુ પરમાત્માના સ્મરણ સિવાય માત્ર શાસન દેવ કે દેવીને પૂજવા કે ભજવાની વાત, એ દેવાધિદેવની આશાતના રૂપ છે. તેથી અમોએ શ્રી પાર્શ્વ-પદ્માવતી મહાપૂજન દ્વારા વીતરાગ પરમાત્મા પૂજન અને શાસનદેવીના અનુષ્ઠાન અર્થે આ પુસ્તિકા પ્રગટ કરવાના મનોરથ કર્યા.

મારો પોતાનો ૧૮ વર્ષથી અંજનશલાકા, પ્રતિષ્ઠા કરાવવાનો તથા મહાપૂજનો ભણાવવાનો અનુભવ તો હતો જ. તેમાં ૨૦૫૮ના ચાતુર્માસમાં મારું મિલન થયું આગમ દીવાકર **મુનિશ્રી દીપરત્નસાગરજી** સાથે. જેઓએ આજ પર્યન્ત 'ઉવસગ્ગહરં' તથા પદ્માવતીજીનો ૧૮-૧૮ લાખનો જાપ કર્યો છે. જેમની નિશ્રામાં ૫૧ કરતા વધુ વખત શ્રી પદ્માવતીજી પૂજન ભણાયેલ છે. તેમની સાથે મારા વિચારવિમર્શથી શ્રી પાર્શ્વ-પદ્માવતી પૂજનની પુસ્તિકાના મનોરથ દૃઢ બન્યા. ભાવપૂર્વક દ્રવ્ય ભક્તિમાં નિમિત્ત બન્યા **સાધ્વીજીશ્રી પુન્યપ્રભાશ્રીજી.** શીઘ્રતયા મેં મારા મનોરથોને અક્ષરદેહ અર્પવાનો નિર્ણય કર્યો. જેના ફળ સ્વરૂપ આ પુસ્તિકા આપના કરકમળ સુધી પહોંચી શકી.

આ પૂજનની પ્રત કે પુસ્તિકાનું પ્રકાશન અન્ય પૂજ્યશ્રી કે સજ્જનો દ્વારા પણ થયું જ છે. અમે તો માત્ર અમારી શ્રદ્ધા અને ભક્તિરૂપ કુસુમને પ્રગટ પ્રભાવી શ્રી પાર્શ્વપ્રભુ અને મહાફળદાત્રી શાસનદેવી શ્રી પદ્માવતીને ચરણે અર્પણ કરવાની એક માત્ર હૃદયેચ્છાને વાચા આપી છે. પરંપરા પ્રાપ્ત આ પૂજનવિધિને આકર્ષક રીતે રજૂ કરવાનો અમારો આ પુરુષાર્થ એ પણ કેવળ ભક્તિ સ્વરૂપે જ સ્વીકારવા મારી નમ્ર વિનંતી છે.

આપ સર્વે આ મહાપૂજન રૂપ અનુષ્ઠાન થકી આપના પ્રવર્તમાન જીવનમાં નિર્મલ સમ્યગ્ દર્શન સ્વરૂપ દીપ પ્રગટાવો અને પરંપરાએ આત્મ વિશુદ્ધિની વાટ પકડી ખુદ પૂજ્યતાને ધારણ કરનાર બનો એવી એક માત્ર અભ્યર્થના સહ આપના પથ પ્રદર્શક બનવાની ભાવના ભાવીએ છીએ.

**વિધિકારક - સંજયભાઈ પાઈપવાળાના**
**સર્વે આરાધકોને પ્રણામ સહ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી પાર્શ્વનાથ-પદ્માવતી-મહાપૂજનનો વિધિ

## મંગલ

नमो अरिहंताणं । नमो सिद्धाणं । नमो आयरियाणं ।

नमो उवज्झायाणं । नमो लोए सव्वसाहूणं ।

एसो पंच नमुक्कारो, सव्व पावप्पणासणो ।

मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

ॐ नमो अरिहंताणं । ॐ नमो सिद्धाणं ।

ॐ नमो आयरियाणं । ॐ नमो उवज्झायाणं ।

ॐ नमो लोए सव्वसाहूणं ।

एसो पंच नमुक्कारो, सव्व पावप्पणासणो ।

मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

ॐ नमो अरिहंताणं । ॐ ह्रीँ नमो सिद्धाणं ।

ॐ ह्रीँ नमो आयरियाणं । ॐ ह्रीँ नमो उवज्झायाणं ।

ॐ ह्रीँ नमो लोए सव्वसाहूणं ।

एसो पंच नमुक्कारो, सव्व पावप्पणासणो ।

मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પછી મુખ્ય યજમાન પાસે દીવો પ્રકટાવવો :

મંત્ર :- ॐ अर्हँ पंचज्ञानमहाज्योतिर्मयाय ध्वान्तघातिने
द्योतनाय प्रतिमाया दीपो भूयात् सदार्हते

## ભૂમિશુદ્ધિઃ-

ॐ ह्रीँ वातकुमाराय विघ्नविनाशकाय महीं पुतां कुरु कुरु स्वाहा ।

## શોધનમંત્ર :-

'ॐ अरजे विरजे अशुद्धविशोधिनि मां शोधय शोधय स्वाहा ।'

આ મંત્ર બોલતી વખતે એમ ચિંતવવું કે મારા શરીર અને મનની વિશિષ્ટ શુદ્ધિ થઈ રહી છે.

## અમૃતાભિષેક :-

'ॐ अमृते अमृतोद्भवे अमृतवर्षिणि अमृतं स्रावय स्रावय स्वाहा ।'

આ મંત્ર બોલતી વખતે એમ ચિંતવવું કે મારા મસ્તક પર અમૃતની વર્ષા થઈ રહી છે.

## કલ્મષદહન :-

'ॐ विद्युतस्फुलिंगे महाविद्ये सर्वकल्मषं दह दह स्वाहा ।'

(આ મંત્ર બોલી બંને ભૂજાઓને સ્પર્શ કરવો.)

## હૃદયશુદ્ધિ :-

ડાબા હાથથી હૃદયને સ્પર્શ કરતાં નીચેનો મંત્ર ત્રણ વાર બોલવો :

'ॐ विमलाय विमलचित्ताय ज्वीँ क्ष्वीँ स्वाहा ।'

## પંચબીજની ધારણા :-

ડાબા હાથ વડે સ્પર્શ કરતાં નીચે પ્રમાણે પંચ બીજની ધારણા કરવી :

| हृदये | कण्ठे | तालव्ये | ललाटे | शिखायां |
|---|---|---|---|---|
| ह्राँ | ह्रीँ | ह्रूँ | ह्रौँ | ह्रः |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## -: દિગ્બંધન :-

જમણા હાથમાં પાણી લઈ નીચેના મંત્રો બોલવા પૂર્વક તે તે દિશામાં છાંટતાં દિગ્બંધનની ક્રિયા થાય છે.

| દિશા | પૂર્વ | દક્ષિણ | પશ્ચિમ | ઉત્તર | ઊર્ધ્વ |
|---|---|---|---|---|---|
| મંત્ર | क्षाँ | क्षिँ | क्षूँ | क्षौँ | क्षः |

## -: અંગુલીન્યાસ

તે પછી નીચે મુજબ બીજાક્ષરો ત્રણ ત્રણ વાર બોલી પહેલો બીજાક્ષર કનિષ્ઠિકા આંગળી પર અને તે પછી અનુક્રમે અંગૂઠા સુધી આ ક્રિયા કરવી :

**ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः**

## -: અંગન્યાસ :-

-: તે પછી નીચે પ્રમાણે અંગન્યાસ કરવો :

-: શિખાસ્થાને હાથ મૂકતાં :

**'ॐ नमो अरिहंताणं ह्राँ शीर्षं रक्ष रक्ष स्वाहा ।'**

-: મુખ પર હાથ રાખતાં -

**'ॐ नमो सिद्धाणं ह्रीँ वदनं रक्ष रक्ष स्वाहा ।'**

-: હૃદય પર હાથ રાખતાં :-

**'ॐ नमो आयरियाणं ह्रूँ हृदयं रक्ष रक्ष स्वाहा ।'**

-: નાભિ પર હાથ રાખાતાં :-

**'ॐ नमो उवज्झायाणं ह्रौँ नाभिं रक्ष रक्ष स्वाहा ।'**

-: બંને પગ પર હાથ રાખતાં :-

**'ॐ नमो लोए सव्वसाहूणं ह्रः पादौ रक्ष रक्ष स्वाहा ।'**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી વજ્રપંજરસ્તોત્રમ્ ॥

ૐ પરમેષ્ઠિનમસ્કારં, સારં નવપદાત્મકમ્ ।
આત્મરક્ષાકરં વજ્ર-પંજરાભંસ્મરામ્યહમ્ ॥૧॥
ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતમ્ ।
ૐ નમો સવ્વસિદ્ધાણં, મુખે મુખપટં વરમ્ ॥૨॥
ૐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની ।
ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દઢમ્ ॥૩॥
ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે ।
એસો પંચનમુક્કારો, શિલા વજ્રમયી તલે ॥૪॥
સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ ।
મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગારખાતિકા ॥૫॥
સ્વાહાન્તં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલં ।
વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહરક્ષણે ॥૬॥
મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની ।
પરમેષ્ઠિપદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ॥૭॥
યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા ।
તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ-રાધિશ્ચાપિ કદાચન ॥૮॥

***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## -: રક્ષાબંધન :-

પછી પૂજામાં બેસનાર દરેકના હાથે નાડાછડી બાંધવી. તેમાં પૂજા કરાવનાર તથા ઉત્તરસાધકના હાથે પહેલી બાંધવી.

**રક્ષાપોટલી અભિમંત્રીત કરવાનો મંત્ર**

**ॐ हूँ क्षूँ फुट् किरिटि किरिटि घातय घातय, परकृतविघ्नान् स्फेटय स्फेटय, सहस्र-खण्डान् कुरु कुरु, परमुद्रां छिन्द छिन्द, परमन्त्रान् भिन्द भिन्द हूँ क्षः फुट् स्वाहा ॥**

**રક્ષાપોટલી બાંધવાનો મંત્ર**

**ૐ નમોऽર્હતે રક્ષ રક્ષ હૂઁ ફુટ્ સ્વાહા ॥**

એ મંત્ર બોલીને પૂજન કરનારાઓને હાથે રાખડી બાંધવી.

## -: દિશાકુમારિકાઓને તિલક -

રક્તચંદન ઘસીને એક વાડકીમાં ઉતારેલું હોય તે જમણા હાથની તર્જની આંગળી પર લઈ નીચે પ્રમાણે દિશાઓની સામે ધરવાથી દિશાકુમારિકાઓને તિલક થાય છે. પ્રથમ-પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, પછી ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, પછી અધો અને છેવટે ઊર્ધ્વ. આ વખતે **'ॐ ह्रीँ नमः'** એ મંત્ર બોલતા જવો.

## -: તિલક-વિધિ :-

તે પછી શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી પદ્માવતી મહાદેવીને દર્પણ બતાવી તેમાં તેમના દર્શન કરી **'ॐ ह्रीँ नमः'** બોલવાપૂર્વક પોતાના કપાળમાં રક્તચંદનનું તિલક કરવું. પછી ઉત્તરસાધક તથા પૂજામાં બેસનારાઓને પણ રક્તચંદનનાં તિલક કરવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# -: શ્રી પાર્શ્વનાથ પૂજન :-

## શ્રી પાર્શ્વજિન સ્તુતિ

(ભગવંત સન્મુખ બે હાથ જોડી આ ત્રણ સ્તુતિ બોલવી)

सुरपति चउसठ पाय सेवित, कुमति पक्ष विखंडनं;
मिथ्यात्त्ववारक तरण तारक, भविक कमल सुमंडनं;
सुखशान्त समता रसे रमता, जगति जय जय कारणं;
जितमोहमल्ल विहल्ल मनमथ, पार्श्वजिन जन तारणं ।

भव्याम्भोजनभोमणिर्गजगति-र्ज्ञानादि रत्नाकरः;
सेव्योऽशर्म समूह संक्षय करो वामंगजोऽवामदः;
सुश्लाध्योऽभयदोऽभदो विभवदो वन्द्यो हि पार्श्वेश्वरः;
श्रीमत्पार्श्वपतिर्दधातु भविनां शं पूजितः स्वर्गिभिः।

स्नातस्या प्रतिमस्य मेरु शिखरे शच्या विभोः शैशवे;
नृत्यन्त्या विविधांगहाररुचिरैःसंगीतगीतादिभिः;
मूर्तिर्मूर्ध्नि धृता तथा करतले भालस्थले लीलया;
सः श्री पार्श्वजिनो जयाय भवतां संचिन्त्य चिंतामणिः ॥

પછી '**ॐ ह्रीँ अर्हँ श्री पार्श्वनाथाय नमः**' એ મંત્ર બોલવાપૂર્વક શ્રી પાર્શ્વનાથ ભગવાનની વાસક્ષેપથી ત્રણ વાર પૂજા કરવી.

તે પછી આ જ મંત્ર બોલવાપૂર્વક તેમને પાંચ વર્ણના ઉત્તમ જાતિનાં પુષ્પો ચડાવવાં.

તે પછી તેમને સુંદર પુષ્પહાર ચડાવવો. (શ્રી પદ્માવતી મહાદેવીને પણ આ જ વખતે હાર ચડાવવાની પ્રથા છે.)

તે પછી અગ્રપૂજાના અધિકારે નંદ્યાવર્ત કે સામાન્ય સ્વસ્તિકની અક્ષત વડે રચના કરી તેના પર રૂપાનાણું કે સોનાનાણું તથા નૈવેદ્ય અને ફળ ચડાવવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રી પાર્શ્વનાથ સ્તવના :-** ઉવસગ્ગહરં સ્તોત્ર પાઠ ત્રણ વાર.

# મહા પ્રભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર

ઉવસગ્ગહરં-પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં ।
વિસહર-વિસ-નિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં ॥૧॥

વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ ।
તસ્સ ગહ-રોગ-મારી-દુટ્ઠજરા જંતિ ઉવસામં ॥૨॥

ચિટ્ઠઉ દૂર મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ ।
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં ॥૩॥

તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાયવબ્ભહિએ ।
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥

ઈઅ સંથુઓ મહાયસ ! ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ ।
તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસજિણચંદ ! ॥૫॥

***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**યંત્રસંસ્કાર :-** જો પૂજનમાં યંત્ર પધરાવેલ હોય તો સંસ્કાર કરવો.
(૧) પ્રથમ દૂધ વડે પ્રક્ષાલ કરવો.
(૨) પછી પાણી વડે પ્રક્ષાલ કરવો.
(૩) પછી ત્રણ અંગલૂંછણાથી લૂંછી સાફ કરવો.
(૪) પછી તેને થાળીમાં પધરાવી તેના પર પૂજાનાં દ્રવ્યો ચડાવતાં જવું.

## પદ્માવતી સ્તોત્રં

શ્રીમદ્‌ગીર્વાણ-ચક્ર-સ્ફુટ-મુકુટ-તટી-દિવ્ય-માણિક્ય-માલા-
જ્યોતિર્જવાલા-કરાલા-સ્ફુરિત-મકરિકા-ધૃષ્ટ-પાદારવિન્દે ! ।
વ્યાઘોરોલ્કા-સહસ્ત્ર-જ્વલદનલ-શિખા-લોલ-પાશાંકુશાઢ્યે !
આઁ ક્રોઁ હ્રીઁ - મન્ત્રરૂપે ! ક્ષપિત-કલિમલે ! રક્ષ માં દેવિ પદ્મે ॥૧॥

ભિત્ત્વા પાતાલમૂલં ચલ-ચલ-ચલિતે ! વ્યાલ-લીલા-કરાલે !
વિદ્યુદ્દણ્ડ-પ્રચણ્ડ-પ્રહરણ-સહિતે ! સદ્‌ભુજૈસ્તર્જયન્તી ।
દૈત્યેન્દ્ર-ક્રૂર-દંષ્ટ્રા-કટ-કટ-ઘટિત-સ્પષ્ટ-ભીમાટ્ટહાસે !
માયા-જીમૂત-માલા-કુહરિત-ગગને ! રક્ષ માં દેવિ ! પદ્મે ॥૨॥

કૂજત્કોદણ્ડ-કાણ્ડોડ્ડમર-વિધુરિત-ક્રૂર-ઘોરોપસર્ગં,
દિવ્યં વજ્રાતપત્રં પ્રગુણ-મણિ-રણત્-કિંકિણી-ક્વાણ-રમ્યમ્ ।
ભાસ્વદ્વૈડૂર્ય-દણ્ડં મદન-વિજયિનો બિભ્રતી પાર્શ્વભર્તુઃ,
સા દેવી પદ્મહસ્તા વિઘટયતુ મહાડામરં મામકીનમ્ ॥૩॥

ભૃંગી-કાલી-કરાલી-પરિજન્ સહિતે ! ચણ્ડિ ! ચામુણ્ડિ ! નિત્યે !
ક્ષાઁ ક્ષીઁ ક્ષૂઁ ક્ષઃ ક્ષણાર્ધ્ધક્ષત-રિપુ-નિવહે ! હ્રીઁ મહામન્ત્રરૂપે ! ।
ભ્રાઁ ભ્રીઁ ભ્રૂઁ ભ્રઃ પ્રસંગ-ભ્રૂકુટિ-પુટ-તટ-ત્રાસિતોદ્દામદૈત્યે !
ક્ષ્વાઁ ક્ષ્વીઁ ક્ષ્વૂઁ ક્ષ્વઃ પ્રચણ્ડે ! સ્તુતિશતમુખરે ! રક્ષ માં દેવિ ! પદ્મે ॥૪॥

ચંચતકાંચી-કલાપે ! સ્તન-તટ-વિલુઠત્તાર-હારાવલીકે !
પ્રોત્ફુલ્લત્પારિજાત-દ્રુમ-કુસુમ-મહામંજરી-પૂજ્યપાદે ! ।
હ્રાઁ હ્રીઁ ક્લીઁ બ્લૂઁ-સમેતૈર્ભુવન-વશકરી ક્ષોભિણી દ્રાવિણી ત્વં,
આં ઈ ઉ પદ્મહસ્તે ! કુરુ કુરુ ઘટને ! રક્ષ માં દેવિ ! પદ્મે ॥૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીલા વ્યાલોલ-નીલોત્પલ-દલ-નયને ! પ્રજ્વલદ્વાડવાગ્નિ-
પ્રોદ્યદ્જ્વાલા-સ્ફુલિંગ-સ્ફુરદરુણ-કણાદગ્ર-વજાગ્ર-હસ્તે !
'હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ' હરન્તી હર-હર-હર-હુંકાર-ભીમૈકનાદે !
પદ્મે ! પદ્માસનસ્થે ! વ્યપનય દુરિતં દેવિ ! દેવેન્દ્રવન્દ્યે ! ॥૬॥

કોપઁ વઁ ઝઁ સ હંસઃ કુવલય-કલિતાદ્દામ-લીલા-પ્રબન્ધે !
જ્રાઁ જ્રીઁ જ્રૂઁ જ્રઃ પવિત્રે શશિકર-ધવલે ! પ્રક્ષરત્ક્ષીર ગૌરે !।
વ્યાલ-વ્યાબદ્ધ-જૂટે પ્રબલ-બલ-મહાકાલકૂટં હરન્તી,
હા હા હુંકારનાદે ! કૃત-કર-કમલે ! રક્ષ માં દેવિ પદ્મે ॥૭॥

પ્રાતર્બાલાર્ક-રશ્મિચ્છુરિત-ઘન-મહાસાન્દ્ર-સિન્દૂર-ધૂલી-
સન્ધ્યા-રાગારુણાંગિ ! ત્રિદશ-વરવધૂ-વન્દ્ય-પાદારવિન્દે !।
ચંચત્ચણ્ડાસિ-ધારા પ્રહત-રિપુકુલે ! કુણ્ડલોદ્ધૃષ્ટ-ગલ્લે !
શ્રાઁ શ્રીઁ શ્રૂઁ શ્રઃ સ્મરન્તી મદગજ-ગમને ! રક્ષ માં દેવિ પદ્મે ॥૮॥

## -: શ્રી પદ્માવતી પૂજન :-

પ્રથમ ત્રણ વાર નીચેનો મંત્ર બોલીને આહ્વાહન કરવુ :

**'ॐ ह्रीँ नमोऽस्तु भगवति ! पद्मावती ! एहि एहि संवौषट् !'**

પછી નીચેનો મંત્ર ત્રણ વાર બોલીને **સ્થાપના** કરવી :

**'ॐ ह्रीँ नमोऽस्तु भगवति ! पद्मावति ! अत्र तिष्ठ तिष्ठ ठः ठः ।'**

પછી નીચેનો મંત્ર ત્રણ વાર બોલીને **સંનિધિકરણ** કરવું :

**'ॐ ह्रीँ नमोऽस्तु भगवति ! पद्मावति ! मम सन्निहिताभव भव वषट् ।'**

પછી નીચેનો મંત્ર ત્રણ વાર બોલીને પૂજાનો પ્રારંભ કરવો :

**'ॐ ह्रीँ नमोऽस्तु भगवति ! पद्मावति ! पूजां गृण्ह गृण्ह स्वाहा !'**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અષ્ટપ્રકારી પૂજા :-

## (૧) જળપૂજા :-

દુધ-ઘી-દહીં-સાકર-શુદ્ધ જળ ભેગા કરી કળશ તૈયાર રાખવા.

**ॐ ह्रीँ श्रीँ मन्त्ररुपे ! विबुधजननुते ! देवदेवेन्द्रवन्द्ये !,**
**चंचच्चन्द्रावदाते ! क्षपितकलिमले ! हारनीहारगौरे ।**
**भीमे ! भीमाट्टहासे ! भवभयहरणे भैरवे ! भीमरुपे !,**
**ह्राँ ह्रीँ ह्रूँकारनादे ! विशदजलभरैस्त्वां यजे देवि पद्मे ! ।।**

('ॐ ह्रीँ श्रीँ' મંત્રરૂપિણી, દેવતાઓ વડે વંદિત, દેવો તથા દેવેન્દ્રો દ્વારા વંદનીય, ચમકતા ચંદ્રની જેમ શુભ્ર, કલિકાલના મલને દૂર કરનારી, મુક્તાહાર અને ઝાકળના જેવા ગૌર વર્ણવાળી, વિશાલ આકૃતિવાળી, ભયંકર અટ્ટહાસ કરનારી, સંસારના ઉગ્ર ભયોને મટાડનારી, ભીષણરૂપ તથા 'ह्राँ ह्रीँ ह्रूँ' આવાં બીજાક્ષરોનું ઉચ્ચારણ કરતી હે માતા પદ્માવતી ! હું નિર્મલ જલ વડે તારી પૂજા કરું છું.)

નીચેનો મંત્ર બોલતા **પંચામૃત** વડે ૧૦૮ વખત પૂજા કરવી :

**'ॐ ह्रीँ श्रीपद्मावत्यै जलं समर्पयामि स्वाहा ।'**

(પછી શુદ્ધ જળ વડે પ્રતિમાજી સ્વચ્છ કરી અંગલુંછણાથી લુંછવી.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨) ગન્ધપૂજા :-

થાળી કે વાડકામાં વાસક્ષેપ, બરાસ, રક્તચંદન
આદિનું સુગંધી ચૂર્ણ તૈયાર રાખવું.

**क्षाँ क्षीँ क्षूँ क्षः स्वरुपे ! हन विषमविषं स्थावरं जंगमं वा,
संसारे संसृतानां तव चरणयुगे सर्वकालान्तराले ।
अव्यक्ताव्यक्तरूपे ! प्रणतनरवरे ! ब्रह्मरूपे ! स्वरूपे !,
पंक्तिर्योगीन्द्रगम्ये ! सुरभिशुभक्रमे ! त्वां यजे देवि पद्मे ! ॥२॥**

('**क्षाँ क्षीँ क्षूँ क्षः**' બીજક્ષરોના સ્વરૂપવાળી હે માતા ! આ સંસારમાં તારા ચરણકમલોના શરણમાં જીવોનાં (શરીરમાં વ્યાપ્ત) સ્થાવર કે જંગમ એવા વિકારવાળા વિષને સર્વદા નષ્ટ કર. અપ્રકટ અને પ્રકટ રૂપવાળી ઉત્તમોત્તમ મનુષ્યો વડે વંદાયેલી, બ્રહ્મરૂપિણી, સ્વરૂપમાં રહેનારી, યોગીન્દ્રો વડે પ્રાપ્તવ્ય પદની પંક્તિરૂપ તથા સુરભિત એવાં સુંદર ચરણોવાળી હે માતા પદ્માવતી ! હું તારી ગંધ વડે પૂજા કરું છું.)

નીચેનો મંત્ર બોલતા ગંધ ચૂર્ણ વડે ૧૦૮ વખત પૂજા કરવી :

**'ॐ ह्रीँ श्रीपद्मावत्यै गन्धं समर्पयामि स्वाहा ।'**

(પછી બધું જ ગંધચૂર્ણ એકઠું કરી લઈ લેવું)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (3) અક્ષતપૂજા :-

સારા ચોખાની (તથા લવીંગ, ટોપરાની ક્ષીણ મેળવેલ)
થાળી તૈયાર રાખવી.

**दैत्यैर्दैत्यारिनाथै-र्नमितपदयुगे ! भक्तिपूर्वं त्रिसन्ध्यं,**
**यक्षैः सिद्धैश्च नम्रैरहमहमिकया देहकान्त्याश्च कान्त्यै ।**
**आं इं उं तं अ आ ई मृड मृड मृडने सस्वरे निःस्वरे तै-**
**रेवं प्राहीयमानेऽक्षतधवलभरैस्त्वां यजे देवि पद्मे ! ॥३॥**

(દૈત્યો, દેવેન્દ્રો, યક્ષો અને સિદ્ધો વડે અહઅહમિકાપૂર્વક તમારા દેહની કાંતિ જેવી કાંતિની પ્રાપ્તિ માટે ત્રણે ય સંધ્યાઓમાં ભક્તિપૂર્વક નમન કરાયેલ ચરણોવાળી, 'आं इं उं तं अ आ ई' એવાં સ્વરસહિત બીજાક્ષરો વડે પાપોના સમૂહને નષ્ટ કરનારી તથા ઉપર્યુક્ત બીજાક્ષરોના જપના પ્રભાવથી સમૃદ્ધ થનારી હે દેવી પદ્માવતી ! અમારાં પાપોનો નાશ કર, નાશ કર. હું શ્વેત સ્વચ્છ અક્ષતો વડે તારી પૂજા કરું છું.)

નીચેનો મંત્ર બોલતા અક્ષત વડે ૧૦૮ વખત પૂજા કરવી :

**'ॐ ह्रीँ श्रीपद्मावत्यै अक्षतं समर्पयामि स्वाहा ।'**

(પછી બધાં જ ચોખા (આદિ) એકઠાં કરી લઈ લેવા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪) પુષ્પપૂજા :-

૧૦૮ કમળ કે ગુલાબ કે જે પુષ્પ હોય તેનો થાળ તૈયાર રાખવો.

**हा पक्षीबीजगर्भे, सुरवर-रमणी-चर्चितेऽनेकरूपे ।**

**कोपं वं झं विधेयं धरितवरकरे ! योगिनां योगमार्गे ।**

**हं हंसः स्वांगजैश्च प्रतिदिननमिते ! प्रस्तुतापापपट्टे,**

**दैत्येन्द्रैर्ध्यायमाने! विमलसलिलजैस्त्वां यजे देवि पद्मे ! ॥४॥**

(**'हा पक्षी'** એવા બીજાક્ષરોના ગર્ભમાં રહેનારી, ઉત્તમ દેવરમણીઓ વડે પૂજિત, અનેક રૂપવાળી, **'को पं वं झं'** બીજાક્ષરો વડે આરાધ્ય, યોગમાર્ગમાં વિચરતા યોગીઓ માટે વરદમુદ્રાને ધારણ કરનારી, **'हं हंसः'** એવા પોતાનાં અંગોથી ઉત્પન્ન બીજાક્ષરોથી સદા વંદનીય, પવિત્ર પાટ પર વિરાજનારી તથા દૈત્યેન્દ્રો વડે ધ્યાન કરાયેલી હે માતા પદ્માવતી ! ઉત્તમ કમલો વડે હું તારી પૂજા કરું છું.

નીચેનો મંત્ર બોલતા પુષ્પો વડે ૧૦૮ વખત પૂજા કરવી :

**'ॐ ह्रीँ श्रीपद्मावत्यै पुष्पं समर्पयामि स्वाहा ।'**

(પછી બધાં જ પુષ્પોને સારી રીતે ગોઠવવા.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (५) नैवेद्यपूजा :-

નૈવેદ્ય ધરાવવાનો થાળ તથા સાકરના ૧૦૮ ગાંગડા તૈયાર રાખવા.

**पूर्णे ! विज्ञानशोभे ! शशधर-धवले ! स्वास्यबिम्बप्रसन्ने !**
**रम्यैः स्वच्छैः स्वकान्तैर्द्विजकरैनिकर-श्चन्द्रिकाकारभासे ।**
**अस्मिन् किं नाम वर्ज्यं ! दिनमनुसततं कल्मषं क्षालयन्ती,**
**श्राँ श्रीँ श्रूँ मन्त्ररूपे ! विमलचरूवरैस्त्वां यजे देवि पद्मे ॥५॥**

(પૂર્ણ સ્વરૂપવાળી ! વિશિષ્ટ જ્ઞાનથી શોભતી, ચંદ્રમા જેવી ધવલ, પોતાના મુખબિમ્બથી પ્રસન્ન મુદ્રાવાળી, સુંદર, સ્વચ્છ અને મનોહર એવી પોતાની દંતપંક્તિઓ વડે ચંદ્રિકા જેવી કાંતિવાળી અને પ્રતિદિન પાપોનું ક્ષાલન કરનારી **'श्राँ श्रीँ श्रूँ'** મંત્રબીજરૂપ હે દેવી પદ્માવતી ! આ સંસારમાં કઈ વસ્તુ ત્યાજય છે ? (તે હું જાણતો નથી, તેથી) આ નિર્મળ નૈવેદ્યસામગ્રી વડે તારી પૂજા કરું છું.)

નીચેનો મંત્ર બોલતા સાકરના ૧૦૮ ગાંગડા અર્પણ કરવા :

**'ॐ ह्रीँ श्रीपद्मावत्यै नैवेद्यं समर्पयामि स्वाहा ।'**

ત્યાર પછી ક્ષીર, કંસાર, ઘેવર, વડા, આદિ નવ પ્રકારની મીઠાઈનો થાળ સન્મુખ ધરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (६) દીપપૂજા :-

૧૦૮ કોડીયા કે દીવા ઘી પુરી તૈયાર રાખવા.

તે શક્ય ન હોય તો એક દીપક થાળીમાં તૈયાર રાખવો.

**भास्वत्पद्मासनस्थे ! जिनपदनिरते । पद्महस्ते ! प्रशस्ते !**

**प्राँ प्रीँ प्रूँ प्रः पवित्रे ! हर हर दुरितं दुष्टजे दुष्टचेष्टे ! ।**

**वाचालं भावभक्तया त्रिदशयुवतिभिः प्रत्यहं पूज्यपादे,**

**चन्द्रे ! चन्द्रांकभाले ! मुनिगृहमणिभिस्त्वां यजे देवि पद्मे ॥६॥**

(વિકસિત પદ્મના આસન પર વિરાજમાન, જિનેશ્વરનાં ચરણોમાં ભક્તિ ધરાવનારી, દિવ્ય સ્વરૂપવાળી, **'प्राँ प्रीँ प्रूँ प्रः'** આવા બીજમંત્રો વડે પવિત્ર, દુષ્ટ, વ્યક્તિઓ માટે તેના જેવી ચેષ્ટાવાળી, મારા દુરિતનું વારંવાર નિવારણ કર ! વળી ભાવભક્તિયુક્ત વાણીથી અલંકૃત એવી દેવરમણીઓ દ્વારા નિત્ય ચરણકમલની પૂજાને પ્રાપ્ત ચંદ્રરૂપ, ચંદ્રમાનાં ચિહ્નને મુકુટમાં ધરનારી હે દેવી પદ્માવતી ! મુનિઓના ગૃહમાં મણિરૂપ એવા દીપકો-વડે હું તારી પૂજા કરું છું.)

નીચેનો મંત્ર બોલતા ૧૦૮ દીપક પ્રકટાવવા અથવા એક દીપક થાળીમાં મૂકી ૧૦૮ વાર સામે ધરવો :

**ॐ ह्रीँ श्रीपद्मावत्यै दीपं समर्पयामि स्वाहा ।**

(અહીં કેટલાંક **समर्पयामि**ને બદલે **दर्शयामि** બોલવા આગ્રહ રાખે છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭) ધૂપપૂજા :-

પ્રજ્વલિત અંગાર અને આહુતિ માટેનો ધૂપ તૈયાર રાખવો અથવા ૧૦૮ અગરબત્તી તૈયાર રાખવી.

**नम्रीभूतक्षितीश-प्रवर-मणितटोद्‌धृष्ट पादारविन्दे,**
**पद्माक्षे ! पद्मनेत्रे ! गजपतिगमने ! हंसशुभ्रे विमाने ! ।**
**कीर्ति-श्रीवृद्धिचक्रे ! शुभजयविजये ! गौरि ! गान्धारि ! युक्ते !,**
**देवादीनां शरण्येऽगरुसुरभिभरैस्त्वां यजे देवि पद्मे ! ॥७॥**

(વિનમ્ર ઉત્તમ રાજાઓના મુકુટમાં જડાયેલા મણિઓથી પ્રણામ કરવાના સમયે તેમના પુનઃ પુનઃ સ્પર્શથી ઘસાયેલાં ચરણોવાળી, હંસના જેવી શ્વેત, વિમાનવાળી, કીર્તિ-શ્રી વૃદ્ધિરૂપ ચક્રને ધારણ કરનારી, ઉત્તમ જય અને વિજયરૂપ, ગૌરી અને ગાન્ધારી એવાં નામોથી સ્તવાયેલી, સમુચિત સ્વરૂપા, દેવ-મનુષ્ય-તિર્યંચ આદિ સમસ્ત પ્રાણીઓને શરણરૂપ હે દેવી પદ્માવતી ! અગરુના સુગંધથી ભરપૂર એવા ધૂપવડે હું તારી પૂજા કરું છું.

નીચેનો મંત્ર બોલવાપૂર્વક પ્રજ્વલિત અંગારમાં દશાંગધૂપની ૧૦૮ આહુતિ આપવી, અથવા ૧૦૮ અગરબત્તી પ્રગટાવવી.

**'ॐ ह्रीँ श्रीपद्मावत्यै धूपं समर्पयामि स्वाहा ।'**

(અહીં કેટલાંક **समर्पयामि**ને બદલે **आघ्रापयामि** બોલવાનો આગ્રહ રાખે છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૮) ફળપૂજા :-

(ફળ ધરાવવાનો થાળ તથા ૧૦૮ બદામ તૈયાર રાખવા.)

**विद्युज्ज्वला-प्रदीप्ते प्रवरमणिमयीमक्षमालां कराब्जे,**
**रम्ये वृत्तां धरन्ती सततमनुदिनं सांकुशे पाशहस्ते ।**
**नागेन्द्रैरिन्द्रचन्द्रैर्दिविपमनुजनैः संस्तुते देव-देवि !**
**पद्मेऽर्चे त्वां फलौघैर्दिशतु मम सदा निर्मलां शर्मसिद्धिम् ॥८॥**

(વિદ્યુતની જ્વાલાઓની જેવા તેજસ્વી એવા પોતાના સુંદર કરકમલમાં સર્વોત્તમ મણિઓથી નિર્મિત ગોળ આકારવાળી અક્ષમાળાને નિરંતર ધારણ કરનારી, હાથમાં અંકુશ અને પાશને ધારણ કરનારી, નાગેન્દ્ર, ઈન્દ્ર, ચન્દ્ર, દેવ અને મનુષ્યો વડે સ્તુતિ કરાયેલી હે દેવદેવી પદ્માવતી ! હું ફળોના સમૂહ વડે તારી પૂજા કરું છું. મને સદા નિર્મલ કલ્યાણથી સિદ્ધિ આપો.)

નીચેનો મંત્ર બોલતા ૧૦૮ આખી બદામ અર્પણ કરવી :

**'ॐ ह्रीँ श्रीपद्मावत्यै फलं समर्पयामि स्वाहा ।'**

તે પછી બીજોરૂં, શ્રીફળ આદિ નવ પ્રકારના ફળોનો થાળ સન્મુખ ધરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૯) વસ્ત્રપૂજા :-

માતાજીને ચઢાવવાની ચુંદડી થાળમાં તૈયાર રાખવી.

**श्रीमन्महाचीनदुकूलनेत्रे सत्क्षौभकौशेयकचीनवस्त्रे ।**

**शुभ्रांशुके स्येनमणिप्रभांगि ! यजामहे पन्नगराजदेवि ॥९॥**

(અત્યુત્તમ મહામૂલાં રેશમી વસ્ત્ર જેવા નેત્રવાળી ! શ્વેતવસ્ત્રધારિણી, નીલમિણની કાંતિ જેવા અંગવાળી, હે પન્નગરાજ દેવી પદ્માવતી ! અમે ઉત્તમ રેશમી વસ્ત્ર વડે તારી પૂજા કરીએ છીએ.)

**'ॐ ह्रीँ श्रीपद्मावत्यै वस्त्रं समर्पयामि स्वाहा ।'**

પછી ચુંદડી, તથા રૂપિયા સવા પાંચ સમર્પણ કરવાં.

## (૧૦) આભરણપૂજા :-

**कांचीसूत्रविनूतसारनिचितैः केयूर-सत्कुण्डलै-**

**र्मञ्जीरांगदमुद्रिकादिमुकुटप्रालिम्बकावासकैः ।**

**अञ्चच्चाटिकपट्टिकादिविलगद् ग्रैवयकैर्भूषणैः,**

**सिन्दूरांगसुकान्तिवर्षसुभगैः सम्पूजयामो वयम् ॥१०॥**

(ઉત્તમ મણિ અને માણિક્યોથી જડાયેલું કાંચીસૂત્ર, કેયૂર, ઉત્તમ કુંડલ, પગોમાં પહેરવા યોગ્ય નૂપુર, બાજુબંધ, મુદ્રિકા, મુગટ, ચુંદડી અને સાડી, ગળામાં પહેરવા માટે પહોળી પટ્ટીથી યુક્ત હાર તથા અન્ય આભૂષણો તથા અંગની કાંતિ વધારવામાં ઉત્તમ સિંદૂર આદિ વસ્તુઓ દ્વારા હે માતા પદ્માવતી ! અમે તારી પૂજા કરીએ છીએ.)

**'ॐ ह्रीँ श्रीपद्मावत्यै आभरणं समर्पयामि स्वाहा ।'**

પછી સોળ શણગાર (અથવા આભુષણ) ભાવપૂર્વક સમર્પણ કરી દેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્વરૂપનું ધ્યાન :-

નીચેનો શ્લોક ત્રણ વાર બોલવો :

**पाश-फल-वरद-गजवशकरण-करा, पद्मविष्टरा पद्मा ।**
**सा मां पातु भगवती, त्रिलोचना रक्तपुष्पाभा ॥११।**

(જેના એક હાથમાં પાશ છે, એક હાથમાં ફલ એટલે બીજોરૂં છે, જેનો એક હાથ વરદમુદ્રાથી યુક્ત છે અને એક હાથ ગજાંકુશને ધારણ કરનારો છે, જે કમલ પર બિરાજી રહી છે, જે ત્રણ નેત્રોવાળી છે તથા લાલ પુષ્પ જેવી કાંતિને ધારણ કરનારી છે, તે પદ્માવતી મારી રક્ષા કરો.)

## મનોરથ અંગે સંકલ્પ :-

પછી યજમાને પોતાનો જે મનોરથ હોય, તે અનુસાર ત્રણ વાર સંકલ્પ કરવો અને નીચેનો મંત્ર ૨૭ વાર બોલવો કે ક્રિયાકારકના મુખેથી સાંભળવો.

**ॐ पद्मावती ! पद्मनेत्रे ! पद्मासने ! लक्ष्मीदायिनि ! वांच्छापूर्णि ! ऋद्धिं सिद्धिं जयं जयं जयं कुरु कुरु स्वाहा ।**

***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દક્ષિણા અને આશીર્વાદ :-

પછી પૂજન કરાવનારે દક્ષિણા મૂકવી અને વિધિકારકે આશીર્વાદ-શ્લોક બોલવાપૂર્વક તેનો સ્વીકાર કરવો :

**लक्ष्मी-सौभाग्यकरा जगत्सुखकरा वन्ध्यासु पुत्रर्पिता,**
**नानारोग विनाशिनी अघहरा पुण्यात्मनां रक्षिका ।**
**रंकानां धनदायिका सुफलदा वांछार्थिचिन्तामणि-**
**स्त्रैलोक्याधिपतिर्भवार्णवतरी पद्मावती पातु वः ॥१२॥**

(લક્ષ્મીનું સુખ આપનારી, જગતને સુખી કરનારી, વંધ્યાઓને પુત્ર આપનારી, અનેક પ્રકારના રોગોનો નાશ કરનારી, પાપનું નિવારણ કરનારી, પુણ્યાત્માઓનું રક્ષણ કરનારી, દરિદ્રોને ધન આપનારી, ઉત્તમ ફલ દેનારી, લોકોને ઈચ્છાને અનુરૂપ વસ્તુ આપવામાં ચિંતામણિ સમાન, ત્રણેય લોકોની સ્વામિની, સંસારરૂપ સમુદ્રને પાર કરવા માટે નૌકારૂપ દેવી પદ્માવતી તમારી રક્ષા કરો.)

**स्वस्ति श्री ह्री-र्धृति-र्मेधा क्षेमं कल्याणमस्तु वः ।**
**तावत् पद्मावती पूजा, यावच्चन्द्रदिवाकरौ ॥१३॥**

(તમને સ્વસ્તિ, શ્રી, હ્રી, ધૃતિ, બુદ્ધિ, ક્ષેમ અને કલ્યાણની પ્રાપ્તિ થાઓ. જ્યાં સુધી ચંદ્ર અને સૂર્ય છે, ત્યાં સુધી મહાદેવી શ્રી પદ્માવતીની પૂજાનો પ્રભાવ પ્રવર્તે છે.)

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી પાર્શ્વનાથ પ્રભુની આરતિ

જય જય આરતિ પાર્શ્વ જિણંદા, પ્રભુ મુખ સોહે પૂનમ ચંદા. જય ૧
પહેલી આરતિ અગર કપુરા, ઝગમગ ઝગમગ જ્યોતિ સનુરા. જય ૨
બીજી આરતિ પાસ પ્રભુની, સહુ મલી કીજે ભક્તિ સલુણી. જય ૩
આરતિ કિજે અતિ ઉજમાલા, ઝળહળ ઝળહળ ઝાકઝમાળા. જય ૪
મોહન મુરતિ નવ કરવાને, નિરૂપમ ઓપત નીલે વાને. જય ૫
નવ નવ નાદ મૃદંગ ને ફેરી, વાગત ઝલ્લરી ભૂંગલ ભેરી. જય ૬
વામા કે સુત હૃદયમાં વસીયા, આરતિ કરતા મન ઉલ્લસીયા. જય ૭
ઘંટ મનોહર મંગલીક વાજે, સાંભળતા સવિ સંકટ ભાંજે. જય ૮
આરતિ આ રતિ દૂર નિવારે, મંગલ મંગલ દીપ વધારે. જય ૯
અશ્વસેન કુલ દીપક પાસ, સેવક દિયો સમક્તિ વાસ. જય ૧૦
ધૂપ દીપ ધરતા પ્રભુ આગે, ઉદયરયણતવ પ્રભુતા જાગે. જય ૧૧

## મંગલ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો
આરતિ ઉતારી ને બહુ ચિરંજીવો
સોહામણું ઘેર પર્વ દિવાળી
અમર ખેલે અમરા બાળી
દિપાળ ભણે એણે કુલ અજવાળી
ભાવે ભગતે વિઘ્ન નિવારી
દિપાળ ભણે એણે એ કલિકાળે
આરતિ ઉતારી રાજા કુમારપાળે
અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક
મંગલિક ચતુર્વિધ સંઘને હોજો.
દીવો રે દીવો પ્રભુ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આરતી

થાળીમાં દીપક તથા કપૂર પ્રગટાવી તેમજ રૂપાનાણું મૂકી આરતી ઉતારવી :

(રાગ - જય જય આરતી આદિ જીણંદા)

દેવી પદ્માવતી આરતી તુમારી,
મંગલકારી જય જયકારી. દેવી ૧

પાર્શ્વ પ્રભુ છે શિરપાર તાહરે,
ભક્તિ કરંતા તું ભક્તોને તારે. દેવી ૨

ઉજ્જવલવર્ણી મૂર્તિ શું સોહે,
નીરખી હરખી સહુજન મોહે. દેવી ૩

કુર્કુટ સર્પના વાહનો બેઠી,
ભદ્રાસનથી તું શોભે છે રૂડી. દેવી ૪

સપ્તફણા શોભે મનોહારી,
નયન મનોહર પરિકરધારી. દેવી ૫

કમલ પાશાંકુશ ફળ રૂડું સંગે,
ચાર ભૂજામાં કલામય અંગે. દેવી ૬

વિવિધ સ્વરૂપે ભિન્ન ભિન્ન નામે,
જગ પૂજે સહુ સિદ્ધિ કામે. દેવી ૭

શીઘ્રફળા તું સંકટ ટાળે,
વિઘ્ન વિદારે વાંછિત આલે. દેવી ૮

ધરણેન્દ્ર દેવના દેવી છો ન્યારા,
પાર્શ્વભક્તોના દુઃખ હરનારા. દેવી ૯

***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી બૃહચ્છાંતિ સ્તોત્રમ્

ભો ભો ભવ્યાઃ ! શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્,
યે યાત્રાયાં ત્રિભુવન-ગુરો-રાર્હતા ભક્તિભાજઃ;
તેષાં શાન્તિર્ભવતુ ભવતા-મર્હદાદિ-પ્રભાવા-
દારોગ્ય-શ્રી - ધૃતિ - મતિ - કરી ક્લેશ-વિધ્વંસ-હેતુઃ ॥૧॥

ભો ભો ભવ્યલોકા ! ઈહ હિ ભરતૈરાવતવિદેહસંભવાનાં સમસ્ત-તીર્થ-કૃતાં જન્મન્યાસન-પ્રકમ્પાનન્તર-મવધિના-વિજ્ઞાય, સૌધર્માધિપતિઃ સુઘોષાઘણ્ટા-ચાલનાનન્તરં સકલ-સુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનય-મર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિશૃઙ્ગે, વિહિત-જન્માભિષેકઃ શાન્તિ-મુદ્ઘોષયતિ, યથા તતોઽહં કૃતાનુકાર-મિતિ કૃત્વા, મહાજનો યેન ગતઃ સ પન્થાઃ, ઈતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય, સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાન્તિમુદ્ઘોષયામિ, તત્પૂજા-યાત્રા-સ્નાત્રાદિ-મહોત્સવા-નન્તર-મિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા ॥૨॥

ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયન્તાં પ્રીયન્તાં ભગવન્તોર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિન-સ્ત્રિલોકનાથા-સ્ત્રિલોકમહિતા-સ્ત્રિલોકપૂજ્યા-સ્ત્રિલોકેશ્વરા-સ્ત્રિલોકોદ્યોતકરાઃ ॥૩॥

ૐ ઋષભ-અજિત-સંભવ-અભિનંદન-સુમતિ-પદ્મપ્રભુ-સુપાર્શ્વ-ચંદ્રપ્રભ-સુવિધિ-શીતલ-શ્રેયાંસ-વાસુપૂજ્ય-વિમલ-અનંત-ધર્મ-શાન્તિ-કુંથુ-અર-મલ્લિ-મુનિસુવ્રત-નમિ-નેમિ-પાર્શ્વ-વર્દ્ધમાનાન્તા જિનાઃ શાન્તાઃ શાન્તિકરા ભવન્તુ સ્વાહા ॥૪॥

ૐ મુનયો મુનિપ્રવરા રિપુ-વિજય-દુર્ભિક્ષ-કાન્તારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ॥૫॥

ૐ હ્રીં શ્રી ધૃતિ મતિ કીર્તિ કાન્તિ બુદ્ધિ લક્ષ્મી મેધા વિદ્યા સાધન પ્રવેશ નિવેશનેષુ સુ ગૃહિત નામાનો જયંતુ તે જિનેન્દ્રાઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ રોહિણી-પ્રજ્ઞપ્તિ-વજ્રશૃંખલા-વજ્રાંકુશી-અપ્રતિચક્રા-પુરુષદત્તા-કાલી-મહાકાલી-ગૌરી-ગાંધારી-સર્વાસ્ત્રા-મહાજ્વાલા-માનવી-વૈરોટ્યા-અચ્છુપ્તા-માનસી-મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ।।૭।।

ॐ આચાર્યોપાધ્યાય-પ્રભૃતિ-ચાતુર્વર્ણ્યસ્ય શ્રીશ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ ।।૮।।

ॐ ગ્રહાશ્ચન્દ્ર-સૂર્યાંગારક-બુધ-બૃહસ્પતિ-શુક્ર-શનૈશ્ચર-રાહુ-કેતુ-સહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરુણ-કુબેર-વાસવાદિત્ય-સ્કન્દ-વિનાયકોપેતા યે ચાન્યેપિ ગ્રામ-નગર-ક્ષેત્રદેવતાદયસ્તે સર્વે પ્રિયન્તાં પ્રીયન્તાં અક્ષીણ-કોશ-કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવન્તુ સ્વાહા ।।૯।।

ॐ પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજન-સંબંધિ-બંધુવર્ગ-સહિતા નિત્યં ચામોદ-પ્રમોદ-કારિણઃ ।।૧૦।।

અસ્મિંશ્ચ ભૂમણ્ડલે આયતન-નિવાસિ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાણાં રોગોપસર્ગ-વ્યાધિ-દુઃખ-દુર્ભિક્ષ-દૌર્મનસ્યો-પશમનાય શાન્તિર્ભવતુ ।।૧૧।।

ॐ તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ-માંગલ્યોત્સવાઃ
સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યંતુ દુરિતાનિ,
શત્રવઃ પરાઙ્મુખા ભવન્તુ સ્વાહા ।।૧૨।।

શ્રીમતે શાન્તિનાથાય, નમઃ શાન્તિ-વિધાયિને,
ત્રૈલોક્યસ્યામરાધીશ, મુકુટાભ્યર્ચિતાઙ્ઘ્રયે. ।।૧।।

શાન્તિઃ શાન્તિકરઃ શ્રીમાન્, શાન્તિં દિશતુ મે ગુરુઃ,
શાન્તિરેવ સદા તેષાં, યેષાં શાન્તિર્ગૃહે ગૃહે. ।।૨।।

ઉન્મૃષ્ટ રિષ્ટ દુષ્ટ ગ્રહ ગતિ દુઃસ્વપ્ન દુર્નિમિત્તાદિ.
સંપાદિત હિતસંપ ન્નામ ગ્રહણં જયતિ શાન્તેઃ ।।૩।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સંઘ-જગજ્જનપદ, રાજાધિપ, રાજસન્નિવેશાનાં,
ગોષ્ઠિકપુરમુખ્યાણાં, વ્યાહરણૈર્વ્યાહરેચ્છાન્તિમ્. ॥૪॥

શ્રીશ્રમણ સંઘસ્ય શાન્તિર્ભવતુ, શ્રીજનપદાનાં શાન્તિર્ભવતુ, શ્રીરાજાધિપાનાં શાન્તિર્ભવતુ, શ્રીરાજસન્નિવેશાનાં શાન્તિર્ભવતુ, શ્રી ગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ, શ્રીપૌરમુખ્યાણાં શાન્તિર્ભવતુ, શ્રીપૌરજનસ્ય શાન્તિર્ભવતુ, શ્રીબ્રહ્મલોકસ્ય શાન્તિર્ભવતુ.

ૐ સ્વાહા, ૐ સ્વાહા, ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા.

એષાં શાન્તિઃ પ્રતિષ્ઠા-યાત્રા-સ્નાત્રાદ્યવસાનેષુ શાન્તિકલશં ગૃહીત્વા, કુંકુમ-ચંદન-કર્પૂરાગરુ-ધૂપવાસ-કુસુમાંજલિ-સમેતઃ, સ્નાત્ર-ચતુષ્કિકાયાં શ્રીસંઘસમેતઃ, શુચિશુચિવપુઃ, પુષ્પવસ્ત્ર-ચન્દનાભરણા-લંકૃતઃ પુષ્પમાલાં કણ્ઠે કૃત્વા, શાન્તિમુદ્‌ઘોષયિત્વા શાન્તિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ.

નૃત્યન્તિ નૃત્યં મણિ-પુષ્પ-વર્ષં, સૃજન્તિ ગાયન્તિ ચ મંગલાનિ,
સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મન્ત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે. ॥૧॥

શિવમસ્તુ સર્વજગતઃ, પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ,
દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥૨॥

અહં તિત્થયર-માયા, સિવાદેવી તુમ્હ નયર-નિવાસિની,
અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહાઃ ॥૩॥

ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ,
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ॥૪॥

સર્વમંગલ-માંગલ્યં, સર્વકલ્યાણ-કારણમ્,
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતે શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન કરી આ સ્તોત્ર પાઠ બોલવો.

# स्तोत्र-पाठ

श्री पार्श्वः पातु वो नित्यं, जिन परम शंकरः ।
नाथ परम शक्तिश्च, शरण्य सर्वकामदः ॥१॥
सर्व विघ्न हर स्वामी, सर्व सिद्धि प्रदायक ।
सर्व सत्त्वहितो योगी, श्री करः परमार्थदः ॥२॥
देव देवः स्वयं सिद्धिश्चिदानंदमयः शिवः ।
परमात्मा पर ब्रह्म, परम परमेश्वरः ॥३॥
जगन्नाथ सुरज्येष्ठो, भूतेश पुरुषोत्तमः ।
सुरेन्द्रो नित्य धर्मश्च, श्री निवास सुधार्णवः ॥४॥
सर्वज्ञः सर्वदेवेशः, सर्वगः सर्वतो मुखः ।
सर्वात्मा सर्वदर्शी च, सर्वव्यापी जगद्गुरु ॥५॥
तत्त्वमूर्ति परादित्य, परब्रह्म प्रकाशकः ।
परमेंदुः पर प्राणः, परमामृतसिद्धिदः ॥६॥
अजः सनातनः शंभु रीश्वरश्च सदाशिवः ।
विश्वेश्वर प्रमोदात्मा, क्षेत्राधीशः शुभ प्रदः ॥७॥
साकारश्च निराकारः, सकलो निष्कलो व्ययः ।
निर्ममो निर्विकारश्चः निर्विकल्पोनिरामयः ॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अमरश्चारुजोऽनन्त, एकोऽनेक शिवात्मकः ।
अलक्ष्यश्चाप्रमेयश्च, ध्यानलक्ष्यो निरंजनः ॥९॥
ॐकाराकृतिरव्यक्तो, व्यक्तरुपस्त्रीमयः ।
ब्रह्मद्वय प्रकाशात्मा: निर्भयः परमाक्षरः ॥१०॥
दिव्यतेजोमयः शान्तः परमामृमयोऽच्युतः ।
आद्योऽनाद्यः परेशानः परमेष्ठि परः पुमान् ॥११॥
शुद्ध स्फटिक संकाश स्वयंभूः परमाद्युतिः ।
व्योमकार स्वरुपश्चः लोकालोकावभासकः ॥१२॥
ज्ञानात्मा परमानन्दः प्राणारुढो मनःस्थिति ।
मनः साध्यो मनोध्येयो मनोदृशः परापरः ॥१३॥
सर्वतीर्थ-मयो नित्यः सर्व देवमयः प्रभुः ।
भगवान् सर्व सत्वेशः शिवः श्री सौख्यदायक ॥१४॥
इति पार्श्वनाथस्य सर्वज्ञस्य जगद्गुरोः ।
दिव्य-मष्टोतरं नाम, शतमत्र प्रकीर्तितम् ॥१५॥
पवित्रं परमं ध्येयं परमानन्ददायकम् ।
भुक्ति मुक्तिप्रदं नित्यं पठतां मंगल प्रदम् ॥१६॥

***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ક્ષમાપ્રાર્થના :**

ભૂલચૂકની માફી માગવા નીચેનો શ્લોક બોલવો :-

**आह्वानं नैव जानामि, नैव जानामि पूजनम् ।**
**विसर्जनं न जानामि, क्षमस्व परमेश्वरि ! ॥**
**ॐ आज्ञाहीनं क्रियाहीनं मन्त्रहीनं च यत्कृतम् ।**
**तत् सर्वं कृपया देवी, प्रसिद्ध परमेश्वरी ॥**

**વિસર્જન :-**

નીચેનો મંત્ર ત્રણ વાર બોલી વિસર્જન કરવું :

**'ॐ नमोस्तु भगवति ! पद्मावति स्वस्थानं गच्छ गच्छ जः जः जः ॥'**

**અંત્યમંગલ :-** છેવટે નીચેનો શ્લોક બોલવો :

**सर्वमंगल-मांगल्यं सर्वकल्याणकारणम् ।**
**प्रधानं सर्व-धर्माणां, जैनं जयति शासनम् ॥**

**'ॐ ह्रीँ नमः'** બોલવાપૂર્વક પૂજન દ્રવ્યોનું ઉત્થાપન કરવું.

***इतिश्री पार्श्व-पद्मावती पूजनम्***



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દ્રવ્ય સહાય દાતા

પ.પૂ. યોગનિષ્ઠ આ.દેવ શ્રીમદ્
બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.ના
સમુદાયવર્તી પૂ.સા.શ્રી જયપ્રભાશ્રીજી ના શિષ્યા
સ્વનામધન્યા સા.શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ.ના
સદુપદેશથી
એક સદ્ ગૃહસ્થ તરફથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org